# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ,આકાશવાણી, અમદાવાદ

**Date: 26-11-2026** **Evening: 7.50 TO 8.00**

**Day: THURSDAY** **National News**

## આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

**********

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ કહ્યું, ભારતીય ન્યાયતંત્રએ ન્યાયિક જવાબદારી પર ભાર આપતા બંધારણના નિર્માતાઓના આદર્શોને સાકાર કરવામાં મદદ મળી.
2) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે બંધારણને રાષ્ટ્રની આશાઓ, મહત્વાકાંક્ષાઓ અને મૂલ્યોને પ્રતિબિમ્બિત કરતો દસ્તાવેજ ગણાવ્યું.
3) કૃષિમંત્રી શિવરાજસિંહ ચૌહાણે કહ્યું, ભારતે વર્ષ 2025-26માં 378 મિલિયન ટનથી વધુ અનાજ ઉત્પાદનનો નવો વિક્રમ બનાવ્યો.
4) દેશભરમાં 26-11 મુંબઈ આતંકી હુમલાઓમાં જીવ ગુમાવનારા લોકોને શ્રદ્ધાંજલિ અપાઈ.
5) ક્રિકેટ મેન્સ એશિયા કપ રાઈઝિંગ સ્ટાર્સ ટૂર્નામેન્ટની પ્રથમ સેમિફાઈનલમાં ભારતે શ્રીલંકાને જીતવા 318 રનનો લક્ષ્યાંક આપ્યો.

**********

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PREZ CONSTITUTION DAY

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ કહ્યું, ભારતીય ન્યાયતંત્રએ બદલાતી પરિસ્થિતિઓ અને અપેક્ષાઓ મુજબ અનુકૂલન સાધીને ન્યાયના મૂળભૂત આદર્શોને સતત જાળવી રાખ્યા છે અને તેને મજબૂત બનાવી રહ્યું છે. નવી દિલ્હીમાં સર્વોચ્ચ અદાલત દ્વારા આયોજિત બંધારણ દિવસ સમારોહને સંબોધતાં રાષ્ટ્રપતિએ કહ્યું, ભારતીય ન્યાયતંત્રએ સમયસમયે ન્યાયિક જવાબદારી પર ભાર આપતા બંધારણના નિર્માતાઓના આદર્શોને સાકાર કરવામાં મદદ મળી. ગત સાતથી આઠ દાયકાઓમાં જીવનના વિવિધ ક્ષેત્રમાં મહત્વના પરિવર્તન આવ્યા છે.

(BYTE: DROUPADI MURMU, PRESIDENT OF INDIA)

*(संविधान दिवस के इस ऐतिहासिक अवसर पर मैं सभी देशवासियों को बहुत-बहुत बधाई देना चाहती हूँ। 26 नवंबर 1949 को भारत के लोगों ने अपने संविधान को अंगीकृत किया था। वर्ष 2015 में हमारे संविधान के प्रमुख शिल्पकार डॉक्टर बाबासाहेब भीमराव अंबेडकर के 125 वें जयंती वर्ष के शुभ अवसर पर आज के दिन प्रतिवर्ष संविधान दिवस आयोजित करने का निर्णय लिया गया है। यह संविधान के महान शिल्पकार और संविधान के आदर्शों को श्रद्धा के साथ स्मरण करने का दिन है।)*

# HM SAMVIDHAN GAURAV DIVAS

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, બંધારણ માત્ર શાસન માટેની એક માર્ગદર્શિકા નહીં, પરંતુ તે રાષ્ટ્રની આશાઓ, મહત્વાકાંક્ષાઓ અને મૂલ્યોને પ્રતિબિમ્બિત કરનારો દસ્તાવેજ છે. નવી દિલ્હીમાં બંધારણ ગૌરવ દિવસ કાર્યક્રમને સંબોધતા શ્રી શાહે કહ્યું, બંધારણનું સન્માન કરવું તમામ ભારતીયોનો મહત્વની અને ગૌરવપૂર્ણ જવાબદારી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વર્ષ 2015માં બંધારણના સર્વોચ્ચ મૂલ્યોને દરેક વિદ્યાલય, મહાવિદ્યાલય અને તમામ નાગરિકો સુધી પહોંચાડી શકાય તે માટે દર વર્ષે 26 નવેમ્બરને બંધારણ દિવસ તરીકે ઉજવવાનો નિર્ણય કર્યો હતો.

(BYTE: AMIT SHAH, UNION HOME MINISTER)

*(हमारे संविधान निर्माताओं ने सारा 250 साल का कालखंड, वह प्राप्त करने के लिए एक रोडमैप, एक प्रकार से कानूनी खाका हमारे सामने रखा, वही भारत का संविधान है। हमारे संविधान निर्माताओं ने तय किया था कि सत्ता मिलेगी भी जनता के माध्यम से और सत्ता जाएगी भी लोगों के माध्यम से। सत्ता किसको देनी है, वह जनता को तय करने का अधिकार दे दी, और जिनको सत्ता प्राप्त होती है, उनके लिए इन्होंने मार्ग तय कर दिया कि संविधान की मर्यादाओं में शासन चलाना।)*

# JP NADDA GUJARAT

કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે. પી. નડ્ડા ગુજરાતના અમદાવાદમાં બંધારણ ગૌરવ દિવસ નિમિત્તે યોજાયેલા પ્રબુદ્ધ નાગરિક સંમેલનમાં સહભાગી થયા. આ પ્રસંગે સંબોધન કરતા શ્રી નડ્ડાએ કહ્યું, ભારતરત્ન ડૉક્ટર ભીમરાવ આંબેડકરે વર્ષ 1949-50માં જ કહી દીધું હતું કે, દેશમાં સમાન નાગરિક સંહિતા – UCC હોવું જોઈએ. તેમણે કહ્યું, આપણે બંધારણ સભાએ સ્વતંત્ર ભારતના શાસન માટે બનાવેલા માળખાનું સ્મરણ કરવું જોઈએ. તેને ઘડવા અથાગ પ્રયાસ કરનારા બંધારણ મુસદ્દા સમિતિના અધ્યક્ષ ડૉ. ભીમરાવ આંબેડકરે આપણને સૌને બંધારણની ભેટ આપી છે.

(BYTE: J.P. NADDA, UNION HEALTH MINISTER)

***(हमें मालूम होना चाहिए कि यह पुस्तक, जो हमारे लिए गाइडिंग प्रिंसिपल है, जिसके आधार पर देश चलता है, उसको कितनी मेहनत से बनाया गया और हम कितने भाग्यशाली हैं जिनको इतना खूबसूरत संविधान हमारे बाबासाहेब अंबेडकर और संविधान सभा ने दिया है, इसलिए सबसे पहले तो मैं उनको नमन करता हूँ और उनको विनम्र श्रद्धांजलि देता हूँ।)***

# SHIVRAJ FOODGRAIN PRODUCTION

કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજસિંહ ચૌહાણે કહ્યું, ભારતે વર્ષ 2025-26માં 378 મિલિયન ટનથી વધુ અનાજ ઉત્પાદનનો નવો વિક્રમ બનાવ્યો, જે ગયા વર્ષની સરખામણીએ બે કરોડ આઠ લાખ ટન વધુ છે. નવી દિલ્હીમાં પત્રકાર પરિષદને સંબોધતા શ્રી ચૌહાણે કહ્યું, ભારત સતત બીજા વર્ષે વિશ્વમાં ચોખાનો સૌથી મોટો ઉત્પાદક દેશ બન્યો છે. તેમણે વર્ષ 2026-27ના ખરીફ મોસમ પહેલા ઉત્પાદન અંગે અનુમાન પણ લગાવ્યું હતું.

(BYTE: SHIVRAJ SINGH CHAUHAN, AGRICULTURE MINISTER)

***(उच्च तापमान और अनियमित बारिश के कारण महाराष्ट्र, कर्नाटक, तेलंगाना, आंध्र प्रदेश जैसे कई प्रमुख राज्यों में मिट्टी में नमी की कमी थी, लेकिन इन गंभीर मौसमी चुनौतियों के बावजूद भी हमारा यह जो खाद्यान्न का उत्पादन अनुमानित है, अगर 5 साल का एवरेज लगाएं तो उस एवरेज से 93.67 लाख टन अधिक है)***

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/**GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---

# MUMBAI ATTACK 26-11

મહારાષ્ટ્રના રાજ્યપાલ જિષ્ણુદેવ વર્માએ આજે મુંબઈમાં મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્યમંત્રી સુનેત્રા અજિત પવારની સાથે 26-11 મુંબઈ આતંકી હુમલાઓની 18-મી વરસી નિમિત્તે શહીદોને શ્રદ્ધાંજલિ આપી. તેમણે મુંબઈમાં પોલીસ શહીદ સ્મારક પર પુષ્પચક્ર અર્પણ કરીને આતંકવાદીઓનો સામનો કરતા જીવનું બલિદાન આપનારા પોલીસકર્મીઓને યાદ કર્યા. રાજ્યપાલે ઉપસ્થિત શહીદોના પરિવારજનો સાથે પણ મુલાકાત કરી.

ભારતીય વાયુસેનાના પ્રમુખ એર ચીફ માર્શલ આશુતોષ દિક્ષિતે આતંકવાદીઓનો સામનો કરનારા સુરક્ષાકર્મીઓના સાહસ અને વીરતાની પ્રશંસા કરી. તેમણે કહ્યું, ભારત આજે કોઈ પણ પડકારનો જવાબ આપવામાં સક્ષમ છે.

(BYTE: ASHUTOSH DIXIT, AIR CHIEF MARSHAL)

*(वर्ष 2008 में ऐसी घटना का जवाब नहीं दे पाए थे, लेकिन उसके बाद जब भी ऐसी घटनाएं हुईं, हमने उनका मुंहतोड़ जवाब दिया। इसका स्पष्ट उदाहरण ऑपरेशन सिंदूर है, जो अभी भी जारी है। प्रधानमंत्री ने स्पष्ट किया है कि आतंकवाद और बातचीत साथ-साथ नहीं चल सकते। हमें उम्मीद है कि आतंकवाद के खिलाफ बनाए गए इस मजबूत प्रतिरोध से भविष्य में ऐसी घटनाएं नहीं होंगी।)*

તો, મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે ગેટવે ઓફ ઇન્ડિયા પર શહીદોને શ્રદ્ધાંજલિ આપી. તેમણે 26--11ના મુંબઈ આતંકી હુમલાને બંધારણ પરનો હુમલો ગણાવતા કહ્યું, ભારત પોતાના જવાનો અને નાગરિકો પર હુમલો ક્યારેય સહન નહીં કરે અને આ માટે જવાબદાર લોકોને જડબાતોડ જવાબ આપશે.

પાકિસ્તાનના લશ્કર–એ–તૈયબાના આતંકવાદીઓ દ્વારા કરાયેલા 26-11ના મુંબઈ હુમલામાં 166 લોકોએ જીવ ગુમાવ્યા હતા. જ્યારે અંદાજે 300 લોકો ઇજાગ્રસ્ત થયા હતા.

# IFFI OVERALL

ગોવામાં આયોજિત 57મા ભારતીય આંતર-રાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવ – ઇફ્ફીના સાતમા દિવસે આજે સિનેમા જગતની મહાન હસ્તીઓને શ્રદ્ધાંજલિ આપવાની સાથે જ માસ્ટર ક્લાસ અને વિશેષ ફિલ્મની સ્ક્રિનિંગ યોજાઈ. મહોત્સવમાં વિશેષ શ્રદ્ધાંજલિ સત્ર અંતર્ગત દિગ્ગજ અભિનેતા નાના પાટેકરની ફિલ્મ દીક્ષાની વિશેષ સ્ક્રીનિંગ સાથે તેમને સન્માનિત કરાયા.

(VC: ALEX)

આ ઉપરાંત પણજી કળા અકાદમીમાં મોશન પિક્ચર આર્ટ્સ એન્ડ સાયન્સીઝ અકાદમીનાં સભ્ય સંપર્ક અને પુરસ્કાર વહીવટી વિભાગનાં ઉપાધ્યક્ષ નતાલી વેડે ડિકોડિંગ અકાદમી એવોર્ડ્સ વિષય પર માસ્ટરક્લાસનું આયોજન કર્યું. તેમાં ભાગ લેનારા લોકોને ઓસ્કર પુરસ્કારોની પ્રક્રિયા અને આ પ્રતિષ્ઠિત પુરસ્કારો માટે પસંદગી અંગે વિસ્તૃત માહિતી અપાઈ.

ઇફ્ફીમાં સર્જનાત્મકતા, ટેક્નિક અને નવિનતાના સંગમ સાથે ભારતીય સર્જનાત્મક ટેક્નોલોજીકલ સંસ્થા – I.I.C.T. સૌનું ધ્યાન આકર્ષિત કરી રહી છે. સંસ્થાએ અહીં સર્જનાતમક ટેક્નોલોજીના ક્ષેત્રમાં ઉભરતી તકનું પ્રદર્શન કર્યું.

# REV CRICKET ASIA CUP

ક્રિકેટમાં મેન્સ એશિયા કપ રાઈઝિંગ સ્ટાર્સ ટૂર્નામેન્ટની પ્રથમ સેમિફાઈનલમાં હાલ ભારત એ અને શ્રીલંકા એ વચ્ચે મુકાબલો ચાલી રહ્યો છે. કતરના પાટનગર દોહામાં રમાઈ રહેલી મેચમાં સુકાની તિલક વર્માની આગેવાની હેઠળની ભારતીય ટીમે નિર્ધારિત 50 ઓવરમાં 317 રન બનાવ્યા. ટીમ તરફથી સૌથી વધુ 78 રન અભિષેક શર્માએ બનાવ્યા. જ્યારે સુકાની તિકલ વર્માએ 53 અને શાહબાઝ અહમદે 54 રન કર્યા છે.

તો, શ્રીલંકા તરફથી રવિન્દ્ર ફર્નેન્ડો અને જાનિથ લિયાનાગેએ બે-બે અને ગરુકા સન્કેથ તથા લાહિરુ સમરાકુને એક-એક વિકેટ લીધી.

હાલમાં મળતાં અહેવાલ મુજબ શ્રીલંકા એ-ની ટીમે 3.૪ ઓવરમાં વિના વિકેટ ગુમાવી 37 રન કર્યા.

# MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી 29 નવેમ્બરે આકાશવાણી પર “મનકી બાત” કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 140-મી કડી હશે. લોકો ટૉલ ફ્રી નંબર 1800—11—7800 દ્વારા આ કાર્યક્રમ માટે પોતાના વિચાર અને સૂચન મોકલી શકશે.

તેમજ નરેન્દ્ર મોદી ઍપ અથવા માય જીઓવી (MY Gov) ઑપન ફૉરમ દ્વારા ઑનલાઈન પર પણ અભિપ્રાય મોકલી શકાશે. ઉપરાંત 1922 નંબર પર મિસ્ડ કૉલ કરીને અને અને SMSમાં મળેલી લિન્કને અનુસરીને પ્રધાનમંત્રીને સીધા જ પોતાના મંતવ્ય મોકલી શકાશે. સૂચનો મોકલવાનો આવતીકાલે છેલ્લો દિવસ છે.